# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૨-A તા.૨૪-૧૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સમગ્ર શિક્ષા અંતર્ગત વિવિધ ગ્રાન્ટોની ફાળવણી અને ઉપયોગ અંગેની માર્ગદર્શિકા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક : સમગ્ર શિક્ષા /ક્યુઈસેલ/૧/૨૦૨૩/૫૪૧૪૬-૨૧૭ તા.૨૦-૧૧-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત વિવિધ ગ્રાન્ટો એસ.એમ.સી.કક્ષાએ ફાળવણી કરવામાં આવેલ છે. જેનો ઉપયોગ અગાઉ હિસાબી શાખા દ્વારા આપેલ ગાઈડલાઈનનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે. આ સાથે સામેલ ગ્રાન્ટોના ઉપયોગ બાબતે માર્ગદર્શિકા આપેલ છે. જેનો અભ્યાસ કરી એસ.એમ.સી.કક્ષાએ ચર્ચા કરી ઉપયોગ કરવાનો રહેશે. આ માર્ગદર્શિકાઓ ની પ્રિંટ કાઢી શાળા દફતરે રાખવાની રહેશે.

નીચે દર્શાવ્યા મુજબની ગ્રાન્ટો શાળા કક્ષાએ ફાળવી આપેલ છે. શાળા મોનીટરીગ દરમ્યાન આવનાર સી.આર.સી., બી.આર.પી. , યુ.આર.સી. અને ઝોન કક્ષાના અધિકારીશ્રીઓ ગ્રાન્ટની ઉપયોગિતા જોઈ શકે તે રીતે રેકર્ડ નિભાવવાનું રહેશે. શાળાઓને આપવામાં આવેલ ગ્રાન્ટમાંથી થતી ખરીદી અને થયેલ ખર્ચની વિગતો સી.આર.સી.કો.ઓ.ને દર શનિવારે મોકલી આપવાની રહેશે.

| Head | Sub Head | Activity Master | Unit cost |
|---|---|---|---|
| School safety Programme | 72.1 | Fund for Safety and Security at school Level | 2000 |
| Youth & Eco club | 72.6 | Youth & Eco club | 5000 |
| Youth & Eco club | 72.7 | Youth & Eco club | 3000 |
| Twinning of schools | 79.13 | Twinning of schools | 1000 |
| Strenghening of sports Education | 79.263 | Strenghening of sports Education | 1000 |
| RashtriyaAvishkarAbhiyaan (Elementry) | 124.9 | Formation of Sciance/Maths clubs | 3000 |
| Composite School Grant | | Composite School Grant | as per Guideline |

બિડાણ :- માર્ગદર્શિકા તથા સંદર્ભિત પત્ર

તા.૨૪-૧૧-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
E-mail – qecell@gmail.com

પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2023/૫૪૧૪૬-૨૨૭ તા:20/~~05~~ 11/2023

**પ્રતિશ્રી,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય : PAB 2023-24 અને PM Shri બજેટમાંથી શાળાઓમાં વિવિધ કાર્યક્રમોના અમલીકરણ અને ખરીદીની ગ્રાન્ટની વિગતો મોકલી આપવા બાબત**

**શ્રીમાન,**

શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સરકારી શાળાઓમા શૈક્ષણિક ગુણવત્તા સુધારણા તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન, શાળા સલામતી અને સુરક્ષા, સ્પોર્ટ્સ એજ્યુકેશન, યુથ અને ઇકો કલબ, ટ્વીનીંગ ઓફ સ્કૂલ્સ, એક ભારત શ્રેષ્ઠ ભારત, ઓર્ગેનિક ફાર્મિંગ જેવા અલગ અલગ કાર્યક્રમો અમલમા મુકવામા આવેલ છે. આ કાર્યક્રમોનું શાળાઓમા સૂચારૂ અમલીકરણ થઇ શકે તે માટે શાળા કક્ષાએ કરવાની થતી વિવિધ પ્રવૃત્તિઓ સમગ્ર શિક્ષા કચેરી દ્વારા વિવિધ પ્રકારની ગ્રાન્ટ આપવામા આવે છે. આ ઉપરાંત શાળા કક્ષાએ કરવાની થતી ખરીદી અંગેની ગ્રાન્ટ પણ અત્રેની કચેરી દ્વારા જિલ્લાઓ મારફતે શાળાઓને ફાળવવામાં આવેલ છે. હાલ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ઉપરાંત પણ આગામી સમયમાં વિવિધ હેડ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવનાર છે.

અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં ગ્રાન્ટનાં ઉપયોગ માટેની વિગતવાર માર્ગદર્શિકાઓ પણ દરેક જિલ્લાઓને મોકલી આપવામાં આવેલ છે. માર્ગદર્શિકાઓ અનુસાર શાળાઓ દ્વારા ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય તે માટે શાળાઓને સમયસર ગ્રાન્ટ અને માર્ગદર્શિકાઓ મોકલવી તેમજ નિયમિત ફોલોઅપ થવુ ખૂબ આવશ્યક છે.

ઉક્ત વિગત ધ્યાને લઇ, આથી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી દર સોમવારે સાંજે 4.00 સુધીમાં કયુઈસેલ શાખાના ઈ-મેલ આઈડી પર મોકલી આપવા વિનંતી છે.

**આભાર સહ,**

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઑફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર